# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


ક્રમાંક/B.K.N.M.U./N.S.S./98/2026 તા. 16/07/2026

**વિષય** – હાલમાં અમલમાં રહેલા સઘન નોંધણી અભિયાન અંતર્ગત ૧૫ થી ૨૯ વર્ષના યુવાનોનું તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી જીલ્લામાં ૧ લાખથી વધુ યુવાનોની My Bharat પોર્ટલ (www.mybharat.gov.in) પર નોંધણી બાબત.

**સંદર્ભ** – 1.- મેરા યુવા ભારત, જૂનાગઢ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય ભારત સરકાર તા. ૧૩-૦૭-૨૦૨૬ મુજબ.

2.- કલેકટર કચેરી, જુનાગઢના તા. ૧૩-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક એડીએમ/મેરા યુવા ભારત/જૂનાગઢ/૨૦૨૬ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત મેરા યુવા ભારત (My Bharat) એ દેશના યુવાનોને રાષ્ટ્ર નિર્માણની મુખ્ય ધારા સાથે જોડવા માટેની એક મહત્વપૂર્ણ અને દૂરદર્શી પહેલ છે. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ વિવિધ પ્રસંગોએ યુવાનોને "વિકસિત ભારત – ૨૦૪૭" ના સંકલ્પને સાકાર કરવાની મોટી શક્તિ ગણાવી છે. તેમને રાષ્ટ્ર નિર્માણ સ્વયંસેવકતા, નેતૃત્વ વિકાસ, અને સામાજીક સહભાગિતા સાથે જોડાવવા માટે My Bharat સાથે જોડાવા આહવાન કર્યું છે. My Bharat પોર્ટલ દ્વારા યુવાનોને સ્વયંસેવક પ્રવૃતિઓ, નેતૃત્વ વિકાસ, કૌશલ્ય ઉન્નતી, તાલીમ, ઇન્ટર્નશિપ, સમુદાય સેવા, વિવિધ રાષ્ટ્રીય અભિયાનો તથા યુવા કેન્દ્રિત કાર્યક્રમોમાં જોડાવા માટે અસરકારક ડીજીટલ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સએ એન.એસ.એસ. સ્વયંસેવક તરીકે કાર્યરત તથા યુનિટ ધરાવતી તમામ કોલેજોમાં અભ્યાસ કરતા ૧૫ થી ૨૯ વયજૂથના તમામ વિદ્યાર્થીઓનું My Bharat પોર્ટલ (www.mybharat.gov.in) પર વિશેષ નોંધણી અભિયાન આયોજીત કરી શત-પ્રતિશત નોંધણી વહેલી તકે પૂરી કરવા જણાવવામાં આવે છે.

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ
- માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી, જૂનાગઢ તરફ

## MY Bharat પોર્ટલ રજીસ્ટ્રેશન પ્રક્રિયા

પોર્ટલની મુલાકાત લો

સ્ટેપ 1:

રજીસ્ટ્રેશન કરવા માટે સૌપ્રથમ mybharat.gov.in વેબસાઇટ પર જાઓ અને "Register Now" (હમણાં નોંધણી કરો) અથવા "Get Started" (શરૂ કરો) પર ક્લિક કરો.

સ્ટેપ 2:

"Youth" (યુવા) વિકલ્પ પસંદ કરો, તમારો મોબાઈલ નંબર અથવા ઈમેલ આઈડી (Email ID) દાખલ કરો અને "Get OTP" પર ક્લિક કરો. તમારું એકાઉન્ટ વેરિફાય (ચકાસણી) કરવા માટે આવેલો 6-અંકનો OTP દાખલ કરો અને પ્રાથમિક વિગતો ભરો

સ્ટેપ 3:

તમારું પૂરું નામ લખો, એક સુરક્ષિત પાસવર્ડ સેટ કરો, અને તમારી જન્મ તારીખ, જાતિ (Gender) તથા રહેઠાણનું સરનામું (રાજ્ય, જિલ્લો, પિનકોડ) દાખલ કરો. યુથ ટાઈપ (યુવાનો પ્રકાર) અને લાયકાત પસંદ કરો

સ્ટેપ 4:

તમારો યુથ ટાઈપ (NSS, NCC, MYBHARAT, BSG અથવા Others) પસંદ કરો અને તમારી સર્વોચ્ચ શૈક્ષણિક લાયકાતની વિગતો ભરો સબમિટ કરો.

સ્ટેપ 5:

નિયમો અને શરતો (Terms & Conditions) ના ચેકબોક્સને સ્વીકારો અને તમારી નોંધણી પૂર્ણ કરવા તથા તમારું અનોખું (unique) MY Bharat ID મેળવવા માટે "Submit" પર ક્લિક કરો.

SCAN & REGISTER
TODAY!

Scanned by CamScanner